# શ્રી સત્ય સાઈ



# સત્ય નારાયણ કથા

*Gujarati*

# શ્રી સત્ય સાઈ, સત્ય નારાયણ કથા અંગે માર્ગદર્શિકા

૧. પૂજા અને કથા પઠન માટે તમારા પૂજા-કક્ષમાં બેસો.
૨. એક દીવો અથવા મીણબત્તી પ્રગટાવો.
૩. એક અગરબત્તી ચેતાવો.
૪. પૂજા-વેદીકામાં વિભૂતિ, થોડા ફળ  કે મીઠાઈનો પ્રસાદ ધરવો.
૫. વ્યક્તિગત રીતે એકલા અથવા તો સમૂહમાં પૂજાનો પ્રારંભ કરો.

# પૂજન-વિધિ અંગે માર્ગદર્શિકા

૧. પવિત્ર એકાક્ષરી મંત્ર 'ૐ' નો ત્રણ વખત મંત્રઘોષ કરો.
૨. ગણેશ પ્રાર્થનાનું પઠન (ગાન) કરો.
૩. ગુરુ પ્રાર્થનાનું પઠન (ગાન) કરો.
૪. સત્ય નારાયણ પાવન કથા - અધ્યાય ૧ થી ૫ - નો પાઠ કરો.
૫. ત્રણ વખત સાઈ ગાયત્રી મંત્રનો જપ કરો.
૬. ગણેશ ભજનથી શરૂ કરીને બે અથવા ત્રણ ભજન ગાઓ.
૭. સર્વ  ધર્મ પ્રાર્થનાનું ગાન કરો.
૮. મંગલ આરતી ઉતારો.
૯. 'સમસ્ત લોકા: સુખીનો ભવન્તુ' પ્રાર્થના કરો.
૧૦. 'વિભૂતિ મંત્ર'નું ગાન કરતાં વિભૂતિ પ્રસાદનું વિતરણ કરો.

નોંધ: માર્ગદર્શિકામાં જણાવેલ બધી સૂચનાઓનું પાલન જો તમારાથી ન થઈ શકે તો શ્રી સત્ય સાઈ, સત્ય નારાયણ કથા - અધ્યાય ૧ થી ૫ - નો પાઠ અવશ્ય કરો.

આ કથાનો પાઠ દર પૂનમ ના દિવસે, દર ગુરુવારે અથવા દરરોજ કરી શકાય.

*આ પરમપાવન, ઈચ્છા પરિપૂર્ણ કરતી કથાનો પાઠ જે કોઈ વ્યક્તિ શ્રધ્ધાપૂર્વક કરશે તેમના પર ઈશ્વરના આશીર્વાદ અને અનુગ્રહની વૃષ્ટિ થતી રહેશે અને તેમની પ્રાર્થનાઓનો સાનુકૂળ પ્રતિભાવ મળતો રહેશે.*

# ગણેશ વંદના

વક્રતુંડ મહાકાય,
સૂર્યકોટિ સમપ્રભ ।
નિર્વિઘ્નં કુરુ મે દેવ,
સર્વ કાર્યેષુ સર્વદા ।।

*હે વક્ર સૂંઢ, હે મહાકાય, હે કરોડો સૂર્યના જેવી તેજસ્વિતાવાળા દેવ!*
*હું આપને વિનવું છું કે, આપ મારાં સર્વે સત્કર્મોને સદાય વિઘ્નરહિત કરો.*

# ગુરુ વંદના

ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુ,
ગુરુર્દેવો મહેશ્વર: ।
ગુરુર્સાક્ષાત્ પરબ્રહ્મ,
તસ્મૈ શ્રી ગુરવે નમઃ ।।

*ગુરૂ બ્રહ્મા છે, ગુરૂ જ વિષ્ણુ છે, ગુરૂદેવ એ જ મહેશ્વર છે.*
*ખરેખર ગુરૂ સાક્ષાત પરબ્રહ્મ જ છે, એવા સદગુરૂદેવને હું નમન કરું છું.*

# અધ્યાય ૧: અવતરણ અને બાલ્યાવસ્થા

ભગવાન શ્રી  સત્ય સાઈ બાબાનો જન્મ દક્ષિણ ભારતમાં આવેલા આંધ્ર પ્રદેશ રાજયના પુટ્ટપર્તિ નામના નાના ગામડામાં થયો હતો. તેમના પિતાજીનું નામ પેદ્દા વેંકપ્પા રાજુ અને દિવ્ય માતાનું નામ ઈશ્વરમ્મા હતું.

માતા ઈશ્વરમ્મા ખૂબ ધર્મનિષ્ઠ સન્નારી હતાં અને ઈશ્વરનો રાજીપો પામવા તેઓ હંમેશા  એક કે બીજું વ્રત કરતાં રહેતા. તેમના આવા દિવ્ય સ્નેહ અને સંનિષ્ઠ ભક્તિથી સંતુષ્ટ થઈને ભગવાન નારાયણે ફરી એક વાર જન્મ ધારણ કરી વધુ એક દિવ્ય નાટકનું નિર્માણ કરવાનું નક્કી કર્યું. તદનુસાર તેમણે  પરમ હેતસ્વી ઈશ્વરમ્માને માતા તરીકે અને પેદ્દા વેંકપ્પા રાજુને પિતા તરીકે પસંદ કર્યા.

ઈશ્વરમ્માના પોતાના એકરારપૂર્ણ નિવેદન મુજબ એક વખત જ્યારે તેઓ કૂવામાંથી પાણી ભરતાં હતાં ત્યારે અંતરિક્ષમાંથી એક ઝગમગતો નીલરંગી પ્રકાશ પૂંજ ઉતરી આવ્યો અને તેમની કૂખમાં પ્રવેશ્યો. પરિણામે તેઓ મૂર્છા પામીને ગબડી પડ્યા. ઈશ્વરમ્માના સાસુએ અગાઉથી તાકીદ કરી તેમને જણાવ્યું હતું કે ઈશ્વરની ઇચ્છા મુજબ જો કોઈ અલૌકિક ઘટના ઘટે તો તેમણે ગભરાવું નહીં. આ રહસ્ય કોઈને પણ નહોતું જણાવ્યું. ભગવાનનો જન્મ ગર્ભધારણથી નહીં પરંતુ અવતરણથી થયો હતો. ઈશ્વરમ્માની મહાસમાધિના થોડા દિવસ પૂર્વે સ્વયં ભગવાને તેમને કૂવા પાસેના અનુભવનું વર્ણન કરવા જણાવ્યું હતું.

માતા ઈશ્વરમ્માનો પ્રસવકાળ નજીક આવ્યો ત્યારે ઘરમાં સંગીતના વાદ્યો આપો આપ દિવ્ય સૂરો રેલવા લાગ્યાં. ઢોલ-નગારા-તબલાના પટહધ્વનિ, ઝાંઝ-કરતાલના રણકાર, વીણાના ઝંકાર વગેરેની મધુર સુરાવલીઓ સાંભળીને અને દિવ્ય સૌરભથી પરિવારના સદસ્યો જાગી જતાં.

છેવટે ૨૩મી નવેમ્બર,૧૯૨૬નું પ્રભાત થયું. તે શુભ દિવસ ભગવાન શિવજીનો વાર – સોમવાર હતો. તે વર્ષ ‘અક્ષય’ હતું. કાર્તિક મહિનો હતો. માતા ઈશ્વરમ્માના સાસુજીએ સત્ય નારાયણની કથા પૂર્ણ કરીને પુત્રવધૂને પ્રસાદ આપ્યો. માતા ઇશ્વરમ્માએ પ્રસાદ ગ્રહણ કર્યો તે પછી તુરંત સાઈ નારાયણનો જન્મ થયો. બાળકનું નામ પાડ્યું સત્ય નારાયણ.

એક દિવસ બાળ સત્યા પારણામાં પોઢ્યા હતાં ત્યારે આસપાસની સ્ત્રીઓને બાળકની નીચે પાથરેલ કપડામાં થતું હલનચલન જોઈને વિસ્મય થયું.

જ્યારે તેમણે બાળ સત્યાને પારણામાંથી ઊંચકીને બહાર કાઢ્યા ત્યારે એક નાગને ત્યાંથી સરકીને જતાં જોયો અને થોડાક અંતરે ગયાં પછી નાગ અદૃશ્ય થઈ ગયો. સંભવત: ભગવાન આદિશેષને વૈકુંઠમાં પ્રભુનો વિરહ સાલવાથી તેમની સંગત કરવા માટે નીચે પધાર્યા હશે!

બાલ્યાવસ્થામાં પણ સત્ય નારાયણ સામીષ (માંસયુક્ત) આહારને કદી અડકતા પણ નહીં કે માંસાહારીના ઘરે જતાં નહીં. પડોશમાં એક અતિ સાત્વિક સન્નારી કર્ણમ્ સુબ્બમ્મા રહેતા હતાં જેને વહાલસોયા સત્યા પ્રત્યે ખાસ લગાવ હતો. સત્યા પણ ઘણો ખરો સમય કર્ણમ્ સુબ્બમ્માના ઘરે પસાર કરતાં. આ અવતારમાં પણ યશોદા હોવા જોઈએ ને!

સત્યા ક્યારેય બારણે આવેલા કોઈ પણ ભિક્ષુકને ખાલી હાથે પાછો ન જવા દેતાં. સત્યા બરાબર ધ્યાન રાખતા કે ભિક્ષુકને ભરપેટ ભોજન કરાવાય. તે માટે ઘણી વખત તેઓ પોતાનું ભોજન જતું કરતાં ત્યારે તેમની ભગિની અને માતાને સત્યાના આવા દીનવાત્સલ્ય માટે ભારે સંતાપ થતો. મોડેથી જ્યારે તેઓ ભોજન માટે બોલાવતાં ત્યારે સત્યા પોતાની સુકોમળ હથેળી તેમના નાક પાસે ધરી, તેમને સૂંઘવાનું કહેતાં. તેમને સત્યાની દિવ્ય રતુમડી હથેળીમાંથી ખૂબ જ સ્વાદિષ્ટ, મોં માં પાણી આવે તેવી સુમધુર સુગંધ આવતી. જ્યારે તેઓ સવાલ કરતાં કે, "આવું ભોજન ક્યાં કર્યું?" ત્યારે સત્યાનો તત્પર જવાબ રહેતો કે, "એક વયોવૃદ્ધ વડીલે મને ભોજન કરાવ્યું."

બાલ્યાવસ્થાથી જ સત્યાએ પોતાની વાસ્તવિક પ્રકૃતિ - *પ્રેમ* - પ્રકટ કરવાનું શરૂ કરી દીધું હતું. તે ક્યારેય પોતાના મિત્રોને દુ:ખી જોઈ શકતા નહીં. સત્યા ઘણી વખત મિત્રોને રાજી કરવા પીપરમિન્ટ, પેન્સિલ, રબર વગેરેનું સર્જન કરતાં. તેઓ નાનાં ભૂલકાંઓને ભેગાં કરી, ઢીંગલા-ઘર બનાવતાં અને તેમાં દેવતાઓની છબીઓનું સ્થાપન કરી બાળમિત્રોને ભજન શીખવતા.

પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા પછી વધુ અભ્યાસ માટે સત્યાને નજીકમાં બુકકાપટ્ટનમ્ ગામની શાળામાં દાખલ કર્યા. અહીં પણ સત્યા પોતાના સહાધ્યાયીઓમાં ખૂબ પ્રિય થઈ ગયા.

એક શિક્ષક શ્રી મહેબૂબખાનને સત્યા પ્રત્યે ખાસ પ્રીતિભાવ હતો. શાળામાં એક દિવસ અન્ય એક શિક્ષકે જોયું કે સત્યા શ્રુતલેખનની નોંધ નથી લખતો. શિક્ષકનો અહંકાર ઘવાયો. તેમણે સત્યાને પાટલી પર ઊભા રહેવાની સજા ફરમાવી. હવે શિક્ષકનો તાસ પૂરો થયો.

વર્ગ પૂરો થવાનો ઘંટ વાગ્યા પછી પણ તે શિક્ષક ખુરશી પરથી ઊભા ન થઈ શક્યા! બીજા તાસ માટેના વર્ગશિક્ષક શ્રી મહેબૂબખાન આવ્યા ત્યારે પણ સત્યા હજી પાટલી પર ઊભો હતો.

શ્રી મહેબૂબખાન તેમના વ્યાકુળ સહશિક્ષક પાસે ગયા અને તેમને ખુરશી ખાલી કરવા કહ્યું. બિચારા શિક્ષક રડમસ ચહેરે બોલ્યા કે, "સાહેબ, આ ખુરશી મને ચોંટી ગઈ છે." શ્રી મહેબૂબખાને વર્ગમાં નજર ફેરવી તો બધાં બાળકો પોતાના શિક્ષકોની વાતચીત સાંભળીને મોં દબાવી હસતાં હતાં.

શ્રી મહેબૂબખાનને પોતાના ખાસ પ્રીતિપાત્ર સત્યાને આ રીતે પાટલી પર ઊભા રહીને હળવાશથી આ બધુ નાટક નિહાળતો જોઈને ભારે અચરજ થયું. શ્રી મહેબૂબખાનને આ જોઈને આઘાત લાગ્યો હતો. તેમણે સહશિક્ષકને જણાવ્યું કે, "સત્યાને પાટલી પરથી નીચે ઉતરવા કહો, કેમ કે ત્યાર પછી જ તમે ખુરશીથી છૂટી શકશો." માનભંગ અને ભારે શરમ અનુભવતાં સહશિક્ષકે સત્યાને પાટલી પરથી નીચે ઉતરવા વિનંતી કરી કે તુરંત તેઓ ખુરશી પરથી ઊભા થઈ શક્યા. આ રીતે સત્યાએ પોતાની દિવ્યતા પ્રગટ કરવાનું શરૂ કર્યું.

એક દિવસ એક ટાંગાવાળાનો ઘોડો ખોવાઈ ગયો. તેણે આસપાસ બધે તપાસ કરી જોઈ પણ ક્યાંય ન મળ્યો. તેને કોઈએ જણાવ્યું કે નજીકની શાળામાં એક દૈવી બાળક ભણે છે, તે ખોવાયેલા ઘોડાની ભાળ જરૂરથી મેળવી આપશે. શિરડી અવતારની જેમ જ સત્યાએ તેને ખૂબ સ્નેહપૂર્વક, ઇશારાથી કહ્યું કે તેનો ઘોડો ગામ બહારના આમ્ર ઉપવનમાં ચરે છે. સત્યાના જણાવ્યા મુજબ જ જ્યારે ગાડીવાળાને પોતાનો પાણીદાર ઘોડો મળી ગયો ત્યારે તેને ભારે હર્ષ થયો.

ત્યારથી બધાં ટાંગાવાળા સત્યાને પોતાના ટાંગામાં બેસવા માટે વિનવતા, કે જેથી તેની દુઆથી તેમને સારી કમાણી થાય.

આ સાથે કલ્યાણકારી શ્રી સત્ય સાઈ, સત્ય નારાયણ કથાનો
પ્રથમ અધ્યાય સંપૂર્ણ. ૐ ભગવાન શ્રી સત્ય સાઈ બાબાય નમઃ.
સર્વત્ર મંગલં ભવતુ. સર્વત્ર શાંતિર્ભવતુ.

# અધ્યાય ૨: સાઈ બાબાના અવતાર કાર્યનો પ્રારંભ

૮મી માર્ચ,૧૯૪૦નાં રોજ એક હૃદય દ્રાવક ચીસ પાડીને સત્યા બેભાન થઈને ઢળી પડ્યો. તેણે પોતાના જમણા પગનો અંગૂઠો સજ્જડ રીતે પકડી રાખ્યો હતો. પરિવારજનોને લાગ્યું કે તેને વીંછી કરડયો છે. ખરેખર તો સત્યા પોતાનું સ્થૂળ શરીર છોડીને એક ભક્તને બચાવવા માટે ગયો હતો. અલબત્ત ત્યાં ઉપસ્થિત લોકોને તે જાણમાં ન આવ્યું કેમકે આ પહેલા સત્યાએ અન્ય લોકોની હાજરીમાં આવું ક્યારેય કર્યું નહોતું. આસપાસ બધાંએ વીંછીને શોધવા માટે પ્રયત્ન કર્યો પણ વીંછી ક્યાંથી મળે, કેમકે સત્યાની આ અવસ્થા માટે ખરું કારણ તો કંઈ બીજું જ હતું!

થોડા સમય પછી સત્યાએ આંખો ખોલી. સત્યા પહેલાની જેમ જ શાંત હતો. બીજે દિવસે સત્યા ફરી એકવાર બેહોશ થઈને ઢળી પડ્યો. મોડેથી તેણે આંખો ખોલીને આસપાસના લોકોને કહ્યું કે, "ગ્રામ્ય દેવીમા મુત્યાલમ્મા કોપાયમાન થયા છે, માટે તમારામાંથી કોઈ એક જણ જઈને નાળિયેર વધેરીને દેવીમા સમક્ષ કર્પૂરનો દીવો પ્રગટાવો."

મંદિરમાં જ્યારે નાળિયેર વધેરવામાં આવ્યું ત્યારે સત્યાએ ઘેર બેઠાં જાહેર કર્યું કે નાળિયેર ના ત્રણ ટુકડા થયા છે. અને એમ જ થયું હતું. હવે કેટલાક લોકોને લાગ્યું કે સત્યાને ભૂત-પ્રેતનો વળગાળ થયો છે અને તેમણે જાત જાતના ઓસડિયા વડે ઉપચાર શરૂ કર્યા. સત્યાનું ચસકી ગયું છે એમ માનીને અન્ય કેટલાકે તેના માતા-પિતાને જાણ કરી.

આવીને જ્યારે સત્યાના માતા-પિતાએ પોતાના વ્હાલાં પુત્રની આવી અવદશા જોઈ ત્યારે તેમને ભારે આઘાત લાગ્યો. તેમને સમજાતું નહોતું કે હવે શું કરવું જોઈએ. તેઓ સત્યાને એક ભૂત-પિશાચનું વળગાડ કાઢનાર તાંત્રિક પાસે લઈ ગયા. આ તાંત્રિકની ભૂત ભગાડવાની પધ્ધતિ વધુ પડતી ક્રૂર હતી. વ્હાલાં સત્યાના માથા પરની કોમળ ત્વચા પર તેણે ધારદાર ચાકુ વડે કાપો પાડી, તેના પર લીંબુ નિચોવીને, ભારે બળતરા કરે તેવી મરચાની ભૂકી છાંટી. પરિણામે સોજો આવવાથી સુકુમાર સત્યાનો સુકોમળ ચહેરો અને આંખો વિકૃત થઈ ગયા.

સત્યાની આવી દારુણ સ્થિતિ જોઈને માતા અને ભગિની ભારે દુઃખી થયા પણ તેઓ લાચાર હતાં કેમકે તેમણે જ તો સત્યાને તાંત્રિકને સોંપી દીધો હતો.
તેમની આવી દુર્દશા જોઈને સત્યાએ બહેનને ઇશારો કરીને બોલાવી અને કહ્યું કે, "નજીકમાં એક કાષ્ઠૌષધિ ઊગે છે, તેનો અર્ક કાઢીને મારી આંખમાં આંજો."

સત્યાને છોડી દેવા માટે માતા અને ભગિનીએ તાંત્રિકને ખૂબ આજીજી કરતાં કહ્યું કે, “સત્યા થોડો સ્વસ્થ થશે પછી ફરીથી તેઓ ઉપચાર માટે લઈ આવશે.”

ભારે આનાકાની પછી તાંત્રિકે સત્યાને મુક્ત કર્યો. સત્યાની સૂચના મુજબ તેમણે કાષ્ઠૌષધિનો અર્ક તેની આંખમાં આંજયો. થોડા સમયમાં સત્યાની આંખો પહેલાની માફક જ સ્વસ્થ અને મસ્તીભરી ચમકવાળી થઈ ગઈ.

સમય પસાર થવા લાગ્યો. સત્યા હવે ગ્રામ્ય બાળકોને વેદનાં ઉચ્ચત્તમ રહસ્યોની મહત્તા સમજાવતો. તે સાઈ બાબા નામના સંત વિષે પણ વાતો કરતો. હવે સત્યાના પિતા પેદ્દા વેંકપ્પા રાજુથી આ બધુ સહન ન થયું.

એક દિવસ તેઓ સત્યા પર કબ્જો જમાવી બેઠેલા સેતાનને મારી ભગાડવા માટે હાથમાં સોટી લઈને આવી પહોંચ્યાં. તેમણે સત્યાને પૂછ્યું કે, “તું કોણ છે? મને સાચી વાત કર.” સત્યાએ ઠંડા મિજાજે, સ્નેહપૂર્વક પણ દૃઢતાથી ઉત્તર આપ્યો કે, “હું સાઈ બાબા છું. તમારા આવાસ સ્વચ્છ, અને મનને શુધ્ધ રાખો. સદા-સર્વદા હું તમારે ત્યાં નિવાસ કરીશ.”

પેદ્દા વેંકપ્પા રાજુના હાથમાંથી સોટી પડી ગઈ. તેઓ અવાચક થઈ ગયા. તેમણે કહ્યું કે, “જો તું ખરેખર સાઈ બાબા હો તો અમને સાબિતી આપ.” સત્યાએ મુઠ્ઠી ભરીને મોગરાના ફૂલ હાથમાં લઈ જમીન પર વેર્યા. ફૂલો જમીન પર પડતાં જ તેલુગુ લિપિમાં ‘સાઈ બાબા’ અક્ષરોમાં ગોઠવાઈ ગયા!

બસ, ત્યારથી બધાં ગ્રામવાસીઓ તથા આસપાસના ગામના લોકો સત્યાને ‘સાઈ બાબા’ તરીકે સંબોધવા લાગ્યા. પરમ આદરપૂર્વક અને ભક્તિભાવથી તેઓ સાઈ બાબાની પૂજા કરવા લાગ્યા અને દર ગુરુવારે તો વિશેષ મહાપૂજા કરવા લાગ્યાં.

આ સાથે કલ્યાણકારી શ્રી સત્ય સાઈ, સત્ય નારાયણ કથાનો
બીજો અધ્યાય સંપૂર્ણ. ૐ ભગવાન શ્રી સત્ય સાઈ બાબાય નમ:.
સર્વત્ર મંગલં ભવતુ. સર્વત્ર શાંતિર્ભવતુ.

# ૩. બાળ સાઈની દિવ્ય લીલાઓ

બાલ્યાવસ્થામાંથી સત્યાએ જ્યારે કિશોર અવસ્થામાં પ્રવેશ કર્યો ત્યારે ગ્રામવાસીઓનું ધ્યાન તેનામાં છુપાયેલ સુપ્ત દિવ્ય શક્તિઓ તરફ ગયું. હવે તેઓ સત્યાને પૂજ્યભાવપૂર્વક ‘સ્વામી’ કહીને સંબોધવા લાગ્યા.

એકવાર સ્વામી અને તેમના પરિવારજનો દર્શનાર્થે હમ્પીના શ્રી વિરૂપાક્ષ મંદિરે ગયા. પરિવારજનો સાથે મંદિરની અંદર જવાને બદલે તેઓ બહાર ઊભા રહ્યા. મંદિરમાં જ્યારે પૂજા શરૂ થઈ ત્યારે સ્વામીને ગર્ભગૃહમાં લિંગમ પાસે ઊભા રહેલા જોઈને સૌને ભારે આશ્ચર્ય થયું. હમણાં જ તેઓ સત્યાને પ્રવેશદ્વાર પાસે છોડીને આવ્યા હતાં અને આમ અચાનક તે ગર્ભગૃહમાં કેવી રીતે આવી શકે? ઝડપથી બહાર આવીને જોયું તો સ્વામી આકાશ તરફ મીટ માંડીને, તેમના ગુલાબી અધર પર નિર્દોષ સ્મિત મલકાવતાં ત્યાં જ ઊભા હતા. આશ્ચર્ય ચકિત થઈને બધા સ્વામીને દંડવત કરવા લાગ્યા.

એક દિવસ શાળાએથી પાછા આવીને સ્વામીએ પોતાનું દફતર ફેંકી દીધું અને મોટેથી જાહેર કર્યું કે, “માયાથી હું મુક્ત થયો છું. હવે હું કેવળ તમારો નથી રહ્યો. મારા ભક્તો મારી રાહ જુએ છે.” સ્વામીના ભાભી ઝડપથી બહાર દોડી આવ્યા પણ સ્વામીના મુખમંડલ પરના અનુપમ દિવ્ય પ્રકાશ પૂંજને સહન ન કરી શકતા તેમણે પોતાની આંખો બંધ કરી દીધી.

સ્વામીના માતુશ્રીએ તેમને વિનંતીપૂર્વક કહ્યું કે, “હે પુત્ર,તું ભલે અમને છોડીને ભક્તો પાસે જા. પણ અહીં પુટ્ટપર્તિમાં જ રહીને, ભક્તો પર દિવ્ય કૃપા વરસાવી તેમનું રક્ષણ કર.” માતાની આ વિનમ્ર વિનંતીને સ્વામીએ ઉદાર મનથી માન્ય રાખી.

ઘણાં લાંબા સમય સુધી સ્વામી કર્ણમ્ સુબ્બમ્માના ઘરે રહ્યાં કેમકે તે ઘર દર્શન માટે આવતા વિશાળ ભક્તવૃંદને સમાવી શકે તેવું અતિ વિશાળ હતું. કર્ણમ્ સુબ્બમ્મા પોતે પણ અનન્ય ભક્ત હતાં અને સ્વામીને હૃદયપૂર્વક સ્નેહ કરતાં હતાં. દરેક જગ્યાએથી સ્વામી પાસે ભક્તો આવવા લાગ્યાં.

બધાં ભક્તને જમાડવા માટે ક્યારેક રસોઈ અપૂર્તિ જણાતી ત્યારે સહાય માટે સુબ્બમ્મા સ્વામીને વિનંતી કરતા. સ્વામી રસોઈઘરમાં જતાં અને બે શ્રીફળ અફાળીને વધેર્યા પછી તેના જળનો છંટકાવ ભોજનની વાનગીઓ પર કરતાં.

હવે ઉપસ્થિત સર્વ ભક્તોને ભોજન માટે રસોઈ પૂરતી થઈ રહેતી, અને ત્યાર પછી પણ થોડી રસોઈ વધતી!

ભક્તોની સંખ્યા વધવા લાગી તેથી સુબ્બમ્માના ઘરની બાજુમાં એક ભજન-કક્ષ બાંધવાની તેમણે દરખાસ્ત કરી.

સ્વામી સુબ્બમ્માના નિવાસસ્થાને રહેતા હતા ત્યારે એક વખત પુરોહિત લક્ષ્મૈયા તેના મિત્ર અને મિત્રની અસ્થિર મગજની પત્ની સાથે ત્યાં આવ્યા. પુરોહિતે તેના મિત્ર અને મિત્ર-પત્નીને ચિત્રાવતી નદીના કિનારે થોભી રાહ જોવા કહ્યું. પુરોહિત જ્યારે સુબ્બમ્માના નિવાસસ્થાને આવ્યા ત્યારે સ્વામી સાથે જ તેમની મુલાકાત થઈ ગઈ. કોની સાથે વાત કરી રહ્યાં છે તે જાણ્યા વગર જ પુરોહિતે સ્વામીને કહ્યું કે, “મેં સાંભળ્યું છે કે અહીં એક બાળક બધાનાં દુ:ખ–દર્દ મટાડે છે. મને તેની પાસે લઈ જશો? હું મારા મિત્ર અને તેની અસ્થિર મગજની પત્નીને ઈલાજ માટે લઈને આવ્યો છું.”

દંપતીને પોતાની પાસે લાવવા માટે સ્વામીએ પુરોહિતને કહ્યું. સ્વામીએ તેમને સ્નાન-વિધિ પતાવ્યા પછી અન્ય ભક્તજનો સાથે બેસવા માટે સૂચના આપી. ત્યારબાદ બધાને પ્રસાદ વહેંચ્યો. પછી સ્વામીએ દિવ્ય વિભૂતિનું સર્જન કરીને થોડી વિભૂતી તે અસ્થિર મગજની મહિલાના મુખમાં મૂકી.

ત્યાર પછી, સ્વામીએ થોડાં ફળ, જે આ દંપતી નૈવેદ્ય તરીકે સ્વામીને ધરાવવા માટે લાવ્યા હતાં તેને, સમારીને તેમને જમવા માટે આપ્યા. એ જ ક્ષણે, અન્ય ભક્તોની નજર સામે જ, તે અસ્થિર મગજની સ્ત્રી તદ્દન સ્વસ્થ અને સામાન્ય થઈ ગઈ! પછી અનન્ય ભક્તિભાવપૂર્વક દંડવત કરીને, તે સ્ત્રી અને તેનો પતિ સંતોષપૂર્વક ત્યાંથી ચાલી નીકળ્યા.

કર્ણમ્ સુબ્બમ્માના જીવનની છેવટની ઘડીઓ નજીક આવી ત્યારે સ્વામીએ તેને ખૂબ દાન-પુણ્ય કરવા કહ્યું. એક વખત સ્વામી બેંગ્લોર જવા માટે નીકળ્યા ત્યારે કર્ણમ્ સુબ્બમ્માની તબિયત લથડી, પણ તેનું મન સતત પોતાના પ્રિય સ્વામી સાથે જોડાયેલું હતું. પવિત્ર સાઇનામનું સતત ઉચ્ચારણ કરતાં અધરો થોભી ગયા, શ્વાસ થંભી ગયો અને સ્વામીનું નામ લઈ સુબ્બમ્માએ છેલ્લો શ્વાસ મૂક્યો.

તે જ ઘડીએ સ્વામી અચાનક તેના બિછાના પાસે પ્રગટ થયા અને પોતાના સ્નેહસભર સ્વરમાં બોલ્યા: “સુબ્બમ્મા! સુબ્બમ્મા! તમારું મુખ ખોલો.”

શારીરિક રીતે મૃત્યુ પામેલ સુબ્બમ્માએ પોતાનું મુખ ખોલ્યું અને પોતાના ધ્રૂજતા હાથને સ્વામીના ચરણસ્પર્શ માટે આગળ કર્યો. સ્વામીએ પ્રેમપૂર્વક તેમનો હાથ પોતાના હાથમાં લીધો અને પાવન આત્માની તૃપ્તિ માટે પોતાના જમણા હાથે પવિત્ર ગંગાજળને સુબ્બમ્માના મુખમાં રેડ્યું. એક સંનિષ્ઠ ભક્ત સુબ્બમ્માએ પોતાની દૃષ્ટિને સ્વામીના દિવ્ય મુખમંડળ પર સ્થિર કરી, પોતાનો પાર્થિવ દેહ છોડ્યો અને હંમેશને માટે સ્વામીમાં લય પામ્યા.

ભક્તની ઇચ્છાનુસાર, તેના પ્રિય ઇષ્ટદેવ સ્વરૂપે દર્શન આપીને સ્વામી પોતાની જાતને પ્રગટ કરે છે. અમુક ભક્તને ગણપતિ તરીકે તો કોઈકને મુરૂગા (સુબ્રહમણ્યમ) તો વળી કેટલાક સમક્ષ શ્રી રામ, શ્રી કૃષ્ણ કે ઈશુ ખ્રિસ્ત તરીકે પ્રગટ થઈને સૌને સંતોષ અને આનંદ આપે છે.

સ્વામીને ઢોંગી તરીકે ઉઘાડાં પાડવાનો એક માત્ર મનસૂબો કરીને પેનુકોંડાથી એકવાર કૃષ્ણમાચારી નામના એક વકીલ પુટ્ટપર્તી આવ્યા. સ્વામીના પિતાજી વકીલને તેમની પાસે લઈ આવ્યા. સ્વામી વકીલને એક ઓરડામાં લઈ ગયા અને આંખો બંધ કરવા કહ્યું. ઓરડામાં ગયા પછી સ્વામીએ વકીલને આંખો ખોલવા કહ્યું. વકીલે જ્યારે પુષ્પોની ચાદર ચઢાવેલી શિરડી સાઈ બાબાની સમાધિ અને હાથમાં પૂજાપાનો થાળ લઈને ઊભેલા પુરોહિતને જોયા ત્યારે તેને ભારે આશ્ચર્ય થયું!

સ્વામીએ વકીલને બીજી તરફ જોવા કહ્યું. ત્યાં તેણે શિરડી ગામનું હનુમાન મંદિર, લીમડાનું વૃક્ષ, ગુરુ સ્થાન અને અન્ય પવિત્ર સ્થાનક જોયા. તે વકીલ શિરડી સાઈ બાબાનો ચુસ્ત અનુયાયી હતો. જેવાં તેને શિરડી સાઈ બાબાની સમાધિના દર્શન થયાં કે તુરંત તેણે સ્વામીના પવિત્ર ચરણ કમળમાં દંડવત કરીને પોતાને ક્ષમા કરવા માટે વિનવણી કરી. દયામૂર્તિ સ્વામીએ પીઠ થાબડીને તુરંત તેને માફી બક્ષી.

સ્વામી તો સર્વ શક્તિમાન છે. કોઈપણ નામે તેને પ્રેમપૂર્વક પોકારો. તે તુરંત પ્રતિભાવ અને આશીર્વાદ આપે છે.

આ સાથે કલ્યાણકારી શ્રી સત્ય સાઈ, સત્ય નારાયણ કથાનો
ત્રીજો અધ્યાય સંપૂર્ણ. *ૐ ભગવાન શ્રી સત્ય સાઈ બાબાય નમઃ.*
*સર્વત્ર મંગલં ભવતુ. સર્વત્ર શાંતિર્ભવતુ.*

## ૪. ભક્તોના આશ્રયદાતા

સાત્વિક અને દૈવી પ્રકૃતિના સન્નારી શ્રીમતી સકમ્મા કોફિના એક બહુ મોટા બગીચાના માલિક હતાં. તેઓ નારાયણસેવા, વસ્ત્રદાન જેવી અનેક દાન-પુણ્ય અને સખાવતી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેતાં. તેમની યોગ્યતા પિછાણીને મૈસૂરના મહારાજાએ તેમને 'ધર્મ પરાયણી'નો ઇલકાબ આપ્યો હતો.

એક સવારે, આશરે નવ વાગ્યે, જ્યારે તેઓ પ્રાતઃ પૂજા કરતાં હતા ત્યારે તેમના સેવકે આવીને જાણકારી આપી કે, 'કેટલાક લોકો મોટરગાડીમાં આવ્યા છે અને આપને તુરંત મળવા માંગે છે.' સકમ્માએ બહાર આવીને જોયું તો એક જૂની મોટરગાડી બહાર ઊભી હતી, જેના પર 'કૈલાશ કમિટિ'નું બોર્ડ લગાડેલ હતું. મોટરગાડીની આગળની બેઠક પર અવ્યવસ્થિત ઝુલ્ફાવાળો આશરે સોળ વર્ષનો એક કિશોર બેઠો હતો અને પાછળની બેઠક પર મોટી ફરફરતી દાઢી વાળા, શરીર તથા લલાટ પર વિભૂતિ લગાડીને, રાજવી ઠાઠથી એક વૃદ્ધ મૃગચર્મ પર બેઠા હતાં.

સકમ્માએ વયોવૃદ્ધનું સ્વાગત કરી પરંપરાગત ધાર્મિક વિધિ મુજબ ચરણ પખાળી, પૂજા કરીને ફળ-ફૂલ અર્પણ કર્યાં. વયોવૃદ્ધે તેને એક હજાર રૂપિયા ભરીને 'કૈલાશ કમિટિ'ની સદસ્યા બનવા માટે કહ્યું. સકમ્માએ રાજી થઈને તે મુજબ કર્યું પણ રૂપિયા અને રસીદ પાછાં આપી તેણે કહ્યું કે પોતે ફરી ક્યારેક મુલાકાત લેશે. એ વાતને વર્ષો વીતી ગયા પણ 'કૈલાશ કમિટિ'ના કોઈ એંધાણ મળ્યા નહીં.

એક દિવસ સકમ્માને બેંગ્લોર જવાનું થયું. તેઓ પોતાની સખીને મળવા ગયા ત્યાં એ જ અવ્યવસ્થિત ઝુલ્ફાવાળા કિશોરને જોઈને તેમને ભારે આશ્ચર્ય થયું. સકમ્માએ કિશોર સામે જોયું ત્યાં તો એ વયોવૃદ્ધમાં પરિવર્તન પામ્યો અને થોડા સમયમાં ફરી પાછો કિશોરમાં પલટાય ગયો. તેઓ સ્તબ્ધ બની ગયા. કિશોરની નજીક જઈને તેમણે પૂછ્યું કે, "મારે ત્યાં 'કૈલાશ કમિટિ' તરીકે તમે જ આવ્યા હતાં ને?" કિશોરે જવાબ આપ્યો કે, "વર્ષો પહેલા તમારે ચૂકવવાના હતા તે એક હજાર રૂપિયા તમે નહોતા આપ્યા. તે લેવા હું તમારી પાસે આવ્યો હતો." સકમ્માની આંખો અશ્રુથી ઊભરાઈ ગઈ. તેમણે સ્વામીને દંડવત કર્યા અને તેમની કૃપા પ્રાપ્ત કરી.

એક દિવસ બપોર પછી સ્વામી પોતાના ભક્તો સાથે વાતચીત કરતા હતા. અચાનક તેમણે બૂમ પાડી કે, "ગોળી ન છોડશો! ગોળી ન છોડશો!" પછી તેઓ બેભાન થઈને ઢળી પડ્યા.

એકાદ કલાક પછી ઊઠીને એક અનુયાયીને તાર કરવા કહ્યું તેમાં જણાવવાનું હતું કે, "તમારી રિવૉલ્વર મારી પાસે છે. ચિંતા કરશો નહીં." કોઇકે સ્વામીનું ધ્યાન દોરતા કહ્યું કે, "તારમાં 'રિવૉલ્વર' શબ્દ લખવો યોગ્ય નહીં ગણાય. ટપાલખાતાના સત્તાધિકારીને તે વાંધાજનક લાગી શકે છે." છેવટે 'રિવૉલ્વર'ને બદલે 'સાધન' શબ્દ લખીને તાર મોકલાવ્યો. આ અલૌકિક ઘટના વિષે જાણવા સૌ ઉત્સુક હતાં. સ્વામીએ કહ્યું: "ટૂંકમાં જ તમને બધું સમજાય જશે."

ચાર દિવસ પછી ભોપાલથી લશ્કરના અધિકારીએ લખેલો એક પત્ર આવ્યો. ખાસ કારણોસર તે અસ્વસ્થ હતાં અને રિવૉલ્વર વડે તેણે આત્મહત્યા કરવાનું નક્કી કર્યું હતું. રિવૉલ્વરની ચકાસણી કરવા તેણે હવામાં ગોળીબાર કર્યો. તે જ ઘડીએ, ભારતના બીજા ખૂણેથી સ્વામીએ બૂમ પાડી: "ગોળી ન છોડશો! ગોળી ન છોડશો!" એ જ સમયે, કોઇકે અધિકારીનું બારણું ખખડાવ્યું. અધિકારીએ રિવૉલ્વરને બિછાના નીચે સંતાડીને બારણું ખોલ્યું. જોયું તો તેનો જૂનો સહાધ્યાયી, તેની પત્ની અને સાથે એક સેવક, તેને મળવા માટે આવ્યા હતાં. થોડો સમય વાતચીત કર્યા બાદ તેઓ પાડોશમાં રહેતા અન્ય એક મિત્રને મળવા માટે ગયા. બારણું બંધ કરી, અધિકારી પોતાની રિવૉલ્વર લેવા બિછાના પાસે આવ્યા પણ તેને મળી નહીં. ત્યાં તો ફરીથી કોઇકે બારણું ખખડાવ્યું. ટપાલીએ તાર હાથમાં મૂક્યો. તેમાં લખ્યું હતું: "તમારું સાધન મારી પાસે છે. ચિંતા કરશો નહીં." મોકલનાર: "બાબા."

જે કોઈ આપણા આ સ્વામીને ભજે છે તેમનો તેઓ ક્યારેય ત્યાગ નથી કરતાં કે તેમને નિરાશ નથી કરતા. તેમને સાદ પાડો અને તેઓ સત્ય, ધર્મ, શાંતિ અને પ્રેમરૂપી ચતુર્ભુજ સાથે તમારી સહાયમાં દોડી આવશે. તેમનો મહિમા અવર્ણનીય છે. ઉપરના પ્રસંગમાં, તે અધિકારીની પત્ની સ્વામીની અનન્ય ભક્ત હતી.

આ સાથે કલ્યાણકારી શ્રી સત્ય સાઈ, સત્ય નારાયણ કથાનો
ચોથો અધ્યાય સંપૂર્ણ. ૐ ભગવાન શ્રી સત્ય સાઈ બાબાય નમ:.
સર્વત્ર મંગલં ભવતુ. સર્વત્ર શાંતિર્ભવતુ.

# ૫. નિત્ય-કરુણામય સ્વામી

એક વખત બેંગ્લોરમાં એક ભક્તના ઘરની મુલાકાત દરમ્યાન અનેક લોકો સ્વામીના દર્શન માટે ત્યાં એકઠા થયા હતાં. તેમાંના કેટલાક લોકો સ્વામીને નૈવેદ અર્પણ કરવા માટે ફૂલ અને ફળ લાવ્યા હતાં. બાકીના સ્વામીની લીલા અને મહિમાની ચર્ચા કરતાં હતાં.

એક ગરીબ મોચી આ બધી વાતો સાંભળતો હતો. અચાનક તેના મનમાં એક સુંદર વિચાર આવ્યો. તેને અવતારની ઝાંખી કરવાનું મન થયું. બાગમાંથી તેણે પ્રેમપૂર્વક ગુલાબનું એક ફૂલ ચૂંટી લીધું અને ભીડમાંથી માર્ગ કરતો સ્વામી જ્યાં બિરાજમાન હતાં તે તરફ આગળ વધ્યો. તેણે અંદર ડોકિયું કર્યું. બરાબર તે જ વખતે સ્વામીએ બહારની તરફ તેની સામે દૃષ્ટિ કરી. તેમની આંખો મળી, અને એ જ ઘડીએ મોચીના હૃદયમાં સ્વામી માટે અનહદ પ્રેમ ઊભરાઈ આવ્યો.

સ્વામીએ પ્રેમથી તેને પોતાની પાસે આવવા કહ્યું. મોચીએ નજીક જઈને સ્વામીને ગુલાબ અર્પણ કર્યું. સ્વામીએ ગુલાબનો સ્વીકાર કરતાં મોચીને પ્રેમપૂર્વક તેની માતૃભાષા તામિલમાં પૂછ્યું: “મારા વ્હાલા, તારે શું જોઈએ છે?” મોચી તો આવા કોઈ પ્રશ્ન માટે તૈયાર નહોતો. અનાયાસે તે બોલી પડ્યો: “સ્વામી, આપ મારી ઝૂંપડીએ પધારો.” પ્રત્યુત્તર આપતા સ્વામી બોલ્યા: “જરૂરથી. હું આવીશ.”

મોચીની આંખોમાં આનંદના અશ્રુઓ ઊભરાઈ આવ્યા. તેણે ઊંડા આદરપૂર્વક સ્વામીના ચરણોમાં દંડવત્ પ્રણામ કર્યા. ઉત્તેજનામાં તે પૂછવાનું ભૂલી ગયો કે સ્વામી તેની ઝૂંપડીને ક્યારે પાવન કરશે. સ્વામી ત્યાંથી નીકળી ગયા પછી મોચીના મનમાં આવા બીજા અનેક ઘણા પ્રશ્નો થવા લાગ્યા. દિવસો પસાર થવા લાગ્યા, પણ મોચીની મઢૂલીમાં પ્રભુની પધરામણીના કોઈ સંકેત જણાયા નહીં.

એક દિવસ મોચી જ્યારે તૂટી-ફૂટી ચંપલ સાંધતો હતો, ત્યારે તેની સામેની સડક પર એક મોટરગાડી આવીને ઊભી રહી. પોલિસની ગાડી સમજીને મોચીએ ઉતાવળે પોતાનો સામાન એકઠો કર્યો અને નાસી છૂટવાની તૈયારી કરી. તેણે વિચાર્યું કે પોલિસની ગાડી તેને અહીંથી ભગાડવા માટે આવી છે. ત્યાં તો સ્વામી મોટરગાડીમાંથી નીચે ઉતર્યા અને મોચીને ભયભીત ન થવા કહ્યું. તેને મોટરગાડીમાં બેસાડયો. મોચી તો સ્તબ્ધ થઈ ગયો. તે કંઇ પણ બોલવા અસમર્થ હતો. સ્વામી અને મોચીને લઈને મોટર આગળ વધી. સ્વામીએ ડ્રાઇવરને મોચીની મઢૂલીનો માર્ગ બતાવ્યો.

ગાડીમાંથી ઉતરીને મોચી સીધો ઝૂંપડીમાં ગયો. પત્નીને ગોદડું પાથરવાની સૂચના આપીને સ્વામીને સત્કારવા પોતે બહાર દોડી આવ્યો. સ્વામી તે ગોદડી પર બિરાજમાન થયા. મોચીને ભારે સંકોચ થયો કે તેના ઘરમાં સ્વામીને ધરવા જેવું કંઇ જ ન હતું. તે ભારે વિટંબણામાં હતો અને સંતાપ કરતો હાથ ઘસવા લાગ્યો.

તેની આવી કફોડી હાલત જોઈને, આશ્વાસન આપતાં સ્વામીએ કહ્યું કે, "ચિંતા ન કર. હું તો આપવા માટે આવ્યો છું. તારી પાસેથી કશું લેવા માટે નહીં, સિવાય કે તારો પ્રેમ." સ્વામીએ હાથ ઘુમાવીને થોડી મીઠાઈ અને ફળનું સર્જન કરીને ત્યાં ઉપસ્થિત લોકોમાં વહેંચી દીધાં. ત્યાર પછી પવિત્ર વિભૂતિ ઉત્પન્ન કરીને મોચીના લલાટ પર લગાવી.

જતાં પહેલા સ્વામીએ તેને કહ્યું કે, "અત્યારે તો હું જાઉં છું, પણ તું ચિંતા નહીં કરતો. હંમેશા હું તારી સાથે જ છું." મોચી કંઇ બોલે તે પહેલા મોટરમાં બેસીને સ્વામી રવાના થઈ ગયા. સ્વામીએ મામૂલી મોચીની મઢૂલીનું મંદિરમાં રૂપાંતર કરી નાખ્યું!

એક વખત સ્વામી ત્રિચિનાપલ્લી ગયા ત્યારે કેટલાક લોકોએ સ્વામી વિરુદ્ધ ખોટી અફવાઓ ફેલાવવાનું શરૂ કર્યું. તે સાંજે સ્વામી સભાને સંબોધતાં હતાં ત્યારે તેમણે ઉપસ્થિત સૌ શ્રોતાઓની હાજરીમાં એક મૂક ભિક્ષુક કિશોરને (જેને સૌ જાણતા હતાં) મંચ પર બોલાવી, તેનું નામ પૂછ્યું. તે કિશોર, જે જન્મથી જ મૂંગો હતો, તે મોટેથી બોલ્યો: "વેંકટનારાયણ." સ્વામી વિષે જેઓ ખોટી અફવા ફેલાવતા હતાં તેમના મસ્તક શરમથી ઝૂકી ગયા. સ્વામીનો મહિમા અપરંપાર છે.

તિરુવન્નામલાઈમાં એક વખત સ્વામી અમૃતાનંદ માટે કેટલીક ઔષધિઓનું સર્જન કરીને સ્વામીએ તેમની અસાધ્ય માંદગી દૂર કરી હતી. અન્ય એક ઘટનામાં સ્વામીએ પોતે ડૉ.ભગવંતમના પુત્રની શસ્ત્રક્રિયા (operation) કરી હતી. તે માટે સ્વામીએ ઉપકરણ પણ ઉત્પન્ન કર્યું હતું, જે ડૉ.ભગવંતમે હજુ સાચવી રાખ્યું છે.

સ્વામીના અન્ય એક સંનિષ્ઠ ભક્ત છે ડૉ.શંકર. અનેક વખત સ્વામીએ ડૉ.શંકરના દેહમાં પ્રવેશ કરીને ખૂબ જટિલ શસ્ત્રક્રિયાઓને સફળતાપૂર્વક પાર પાડી છે.

આંધ્ર પ્રદેશમાં શ્રી કારુણ્યાનંદ સ્વામીનો એક આશ્રમ હતો. તેમણે આશ્રમની હોસ્પિટલમાં સ્વામીની થોડી તસવીરો લટકાવી હતી.

એક વખત એક લાચાર ગર્ભવતી મહિલા સહાય માટે આશ્રમમાં આવી.

સ્વામીજીએ તેને આશ્રમની હોસ્પિટલમાં દાખલ કરાવી દીધી. એક વખત, તે ગર્ભવતી મહિલાને હોસ્પિટલમાં એકલી મૂકીને બધી પરિચારિકાઓ મોડી રાત્રે સિનેમા જોવા ગઈ. તે જ રાત્રે, તે ગર્ભવતી સ્ત્રીને સખત પ્રસવ પીડા શરૂ થઈ. તેની પીડા અને લાચારી જોઈને, ભીંત પર લટકાવેલી તસવીરમાંથી સ્વામી બહાર આવ્યા. બાળકના સુરક્ષિત પ્રસવ માટે તેમણે મહિલાને સહાય કરી. સાઈ માતાએ જાતે નવજાત શિશુને સ્વચ્છ કર્યું અને પછી સૌમ્યપણે માતાની બાજુમાં સ્તનપાન માટે મૂક્યું.

પરિચારિકાઓએ પાછા આવીને જ્યારે જોયું કે તેમનું બધુ કામ અન્ય કોઈએ પાર પાડ્યું છે ત્યારે તેમને ખૂબ આશ્ચર્ય થયું. જ્યારે તેમણે તે મહિલાને આ વિષે પૂછ્યું ત્યારે તેણે સ્વામીના ફોટા તરફ નિર્દેશ કરીને કહ્યું કે સાધુ માતાએ આવીને તેને મદદ કરી હતી. તેને ખબર નહોતી કે 'સાધુ માતા' એ સ્વયં ભગવાન નારાયણ હતાં!

શ્રી સત્ય નારાયણે ફરી અવતાર ધારણ કર્યો છે અને તેઓ આપણા સૌનું રક્ષણ કરે છે. જેઓ શ્રધ્ધાપૂર્વક તેમના પર ભરોસો કરે છે તેમનું તેઓ હંમેશા રક્ષણ કરે છે. અનેક જન્મોના પુણ્યના ફળસ્વરૂપે આપણને ભગવાનના દર્શન, સ્પર્શન અને સંભાષણનું સદભાગ્ય પ્રાપ્ત થયું છે.

સ્વામીનું યથાર્થ સ્વરૂપ જ પ્રેમ છે. જેઓ ભક્તિ અને ધર્મના માર્ગને અનુસરે છે તે સૌનું તેઓ હંમેશા રક્ષણ કરે છે. કોઈ તેમને ઈશ્વર, તો કોઈ મહા વિષ્ણુ, તો કોઈ તેમને પરમપિતા અને કોઈ વળી તેમને અલ્લાહ કહીને સંબોધે છે. આ જ રીતે ભગવાન શ્રી સત્ય સાઈ બાબા પણ ઈશ્વરના વિવિધ સ્વરૂપ ધારણ કરે છે, કારણ કે બધાં જ રૂપ તેમના છે અને બધાં નામ પણ તેમના જ છે. તેઓ પોતાના ભક્તો પર કૃપા વરસાવે છે અને તેમની ઇચ્છાઓને પરિપૂર્ણ કરે છે.

તેઓ કહે છે કે માનવ મૂલ્ય જ આપણા જીવનનો આધાર છે. સત્ય, ધર્મ, શાંતિ અને પ્રેમ વગરનું શિક્ષણ સાવ ખોખલું છે. સત્ય, ધર્મ, શાંતિ અને પ્રેમ વિહોણા સખાવત અને દાનધર્મનું કોઈ જ મૂલ્ય નથી. સત્ય, ધર્મ, શાંતિ અને પ્રેમ રહિત પુણ્ય પ્રવૃત્તિઓ બિલકુલ અર્થહીન છે.

સનાતન માનવ મૂલ્ય - સત્ય, ધર્મ, શાંતિ અને પ્રેમ - એ સનાતન ધર્મના ચાર આધાર સ્તંભ છે. સનાતન ભગવાન આપણને હંમેશા પ્રભુનું સ્મરણ અને ચિંતન કરવાનું યાદ દેવડાવે છે. માત્ર હરિનામ સ્મરણ વડે જ મોક્ષ પ્રાપ્તિ સંભવ છે.

જે કોઈ સાચા સ્નેહ અને ભક્તિભાવપૂર્વક આ પૂજા કરશે, તેમના પર સુખી અને શાંતિપૂર્ણ જીવન માટે ભગવાન શ્રી સત્ય સાઈ, સત્ય નારાયણના આશીર્વાદ અને અનુગ્રહની વૃષ્ટિ થતી રહેશે અને તેમના સર્વે દુઃખ અને ચિંતા દૂર થશે.

આ સાથે કલ્યાણકારી શ્રી સત્ય સાઈ, સત્ય નારાયણ કથા સંપૂર્ણ.
ૐ ભગવાન શ્રી સત્ય સાઈ બાબાય નમઃ.
સર્વત્ર મંગલં ભવતુ. સર્વત્ર શાંતિર્ભવતુ.



*અત્યંત કૃપા કરીને, પરમપ્રિય ભગવાને ગુરુવાર, ૭મી ફેબ્રુઆરી,૨૦૦૨ ના રોજ પ્રશાંતિ નિલયમમાં ડૉ.એચ.એસ.ભટ દ્વારા આ કથાને આશીર્વાદ આપ્યા હતાં.*
*અત્યંત સ્નેહપૂર્વક, પરમપ્રિય ભગવાને ગુરુવાર, તારીખ ૨૨મી ક્ટોબર,૨૦૦૯ ના રોજ પ્રશાંતિ નિલયમમાં આ કથાને બીજી વખત આશીર્વાદ આપ્યા હતાં.*

# સાઈ ગાયત્રી મંત્ર



ૐ સાઈશ્વરાય વિદ્મહે,
સત્ય દેવાય ધીમહિ |
તન્નઃ સર્વઃ પ્રચોદયાત્ ||

*મારું તન, મન અને આત્મા, હું આપને સમર્પિત કરું છું.*

(આ મંત્ર પાઠ દરરોજ કરવો)

# સર્વ ધર્મ પ્રાર્થના

ૐ તત્સત્ શ્રી નારાયણ તૂ, પુરુષોત્તમ ગુરુ તૂ,
સિદ્ધ બુદ્ધ તૂ, સ્કન્દ વિનાયક,
સવિતા પાવક તૂ, સવિતા પાવક તૂ ।
બ્રહ્મ મજ્દ તૂ, યહ્વ શક્તિ તૂ, ઈશુ પિતા પ્રભુ તૂ,
રુદ્ર વિષ્ણુ તૂ, રામ કૃષ્ણ તૂ, રહીમ તાઓ તૂ, રહીમ તાઓ તૂ ।
વાસુદેવ ગો વિશ્વરૂપ તૂ, ચિદાનન્દ હરિ તૂ,
અદ્વિતીય તૂ, અકાલ નિર્ભય, આત્મલિંગ શિવ તૂ ।
આત્મલિંગ શિવ તૂ, આત્મલિંગ શિવ તૂ ॥

*ભાવાનુવાદ : હે પ્રભુ! આપ જ તે સત્ય છો, આપ જ (નર રૂપમાં) નારાયણ છો. આપ જ પૂર્ણતાનું સાકાર સ્વરૂપ અને (પરિપૂર્ણ) ગુરૂ છો, આપ જ (જૈનોના) સિદ્ધ અને (બૌધોના) બુદ્ધ છો. આપ જ (દેવતાઓના સેનાપતિ સુબ્રહ્મણ્ય) સ્કંદ અને આપ જ વિનાયક છો. આપ જ (સમસ્ત સંસારને ચેતના પ્રદાન કરનાર પ્રત્યક્ષ દેવતા) સૂર્યદેવ છો. આપ જ (સર્જનહાર) બ્રહ્મા, (પારસીઓના ભગવાન) મજ્દ છો. આપ જ (યહુદીઓના) યહોવા અને આપ જ (દિવ્ય માતા - સર્જનહાર) શક્તિ છો. આપ જ ઈશુ પિતા છો. આપ જ (પ્રલયકારી - સર્વાંગી પરિવર્તન કરનાર) રૂદ્ર છો. આપ જ (પાલનકર્તા) વિષ્ણુ છો. આપ જ રામ અને કૃષ્ણ છો. આપ જ (પરમ દયાળુ અને સદૈવ દાતા) રહીમ છો. આપ જ (ચીની દેવતા) તાઓ છો. આપ જ (સૌના પાલનકર્તા, સર્વશક્તિમાન અને સર્વવ્યાપક) વાસુદેવ (કૃષ્ણ) છો. આપ જ (ભ્રમણા દૂર કરનાર, આનંદમૂર્તિ) સચ્ચિદાનંદ, હરિ છો. આપ અદ્વિતીય, અકાલ અને (વિપદાઓ વચ્ચે પણ) નિર્ભય છો. આપ જ (નિરંજન, નિરાકારના પ્રતિક સ્વરૂપ) આત્મલિંગના (સર્જનહાર) શિવ છો.*

# આરતી

ૐ જય જગદીશ હરે, સ્વામી સત્ય સાઈ હરે,
ભક્ત જના સંરક્ષક, ભકત જના સંરક્ષક,
પર્તિ મહેશ્વરા..... ૐ જય જગદીશ હરે ||

*(હે જગતના નાથ, આપનો જય હો! હે સ્વામી શ્રી સત્ય સાઈ, આપનો જય હો! આપ તો જીવનના સર્વે દુ:ખ, અનિષ્ટ અને આપદાઓ દૂર કરનારા, ભક્તજન સંરક્ષક, પુટ્ટપર્તિના મહેશ્વર છો..... હે જગતના નાથ, આપનો જય હો!)*

શશિ વદના શ્રીકરા સર્વ પ્રાણ પતે, સ્વામી સર્વ પ્રાણ પતે,
આશ્રિત કલ્પ લતિકા, આશ્રિત કલ્પ લતિકા,
આપદ્ બાંધવા..... ૐ જય જગદીશ હરે ||

*(હે ચંદ્રમા સમાન મનમોહક અને સૌનું મંગલ કરનાર સાઈ! આપ સર્વ પ્રાણીઓના અંતર્યામી અને સૌની પ્રાણ શક્તિ છો. આપના શરણાગત ભક્તો માટે એક દિવ્ય કલ્પવૃક્ષ છો, અને વિપત્તિઓમાં આપ તેમના પરમ મિત્ર તથા આશ્રયદાતા છો. હે જગતના નાથ, આપનો જય હો!)*

માત પિતા ગુરુ દેવમુ મરી અંતયુ નિવે,
સ્વામી મરી અંતયુ નિવે,
નાદ બ્રહ્મ જગન્નાથા, નાદ બ્રહ્મ જગન્નાથા,
નાગેન્દ્ર શયના..... ૐ જય જગદીશ હરે ||

*(હે સ્વામી શ્રી સત્ય સાઈ, આપ અમારી માતા, પિતા,પરમ સદગુરૂ, ઇષ્ટ દેવતા અને સર્વસ્વ છો. હે બ્રહ્માંડના સ્વામી આપ અનાદિ નાદ બ્રહ્મ (ઓમકાર) છો અને શેષનાગની શય્યા પર શયન કરનાર (મહા વિષ્ણુ) છો...... હે જગતના નાથ, આપનો જય હો!)*

**ઓમકાર રૂપ ઓજસ્વી**
**ૐ સાઈ મહાદેવા, સત્ય સાઈ મહાદેવા**
**મંગલ આરતી અન્દુકો, મંગલ આરતી અન્દુકો,**
**મંદર ગિરિધારી..... ૐ જય જગદીશ હરે ||**

*(હે તેજોમય, ઓમકાર સ્વરૂપ, દેવોના દેવ, શ્રી સત્ય સાઈ મહાદેવા! અમે આપને આ મંગલ આરતીનો સ્વીકાર કરવા માટે પ્રાર્થના કરીએ છીએ. હે મંદરાચલ પર્વતને ધારણ કરનાર ગિરિધારી (સમુદ્રમંથન દરમ્યાન, કચ્છપ અવતારમાં પ્રભુએ મંદરાચલને પોતાની પીઠ પર ધારણ કર્યો હતો) હે જગતના નાથ, આપનો જય હો!)*

[નોંધ: * આરતીનું નીચે મુજબનું છેલ્લું ચરણ ત્રણ વખત ગાવાનું છે. ધ્યાન રહે કે પહેલા કરતાં દરેક વખતે ઝડપ વધારતી જવાની છે.]

**નારાયણ નારાયણ ૐ**
**સત્ય નારાયણ નારાયણ નારાયણ ૐ**
**નારાયણ નારાયણ ૐ સત્ય (x2)**
**નારાયણ નારાયણ ૐ**
**ૐ જય સદગુરૂ દેવા ||**

*(પ્રણવ સ્વરૂપ ભગવાન શ્રી સત્ય સાઈ નારાયણનો મંત્ર ઘોષ કરો. શ્રી સત્ય સાઈ નારાયણ, મહા દેવ, પરમ સદગુરૂ શ્રી સાઈનાથ નો જય હો!)*

**ૐ શાંતિ: શાંતિ: શાંતિ:**

# સમસ્ત લોકા: પ્રાર્થના

સમસ્ત લોકા: સુખિનો ભવન્તુ. (x3)

*(હે સ્વામી!) સમસ્ત સૃષ્ટિઓમાં, સર્વ જીવોને સુખ અને શાંતિ પ્રાપ્ત થાઓ!)*

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

***જય બોલો ભગવાન શ્રી સત્ય સાઈ બાબાજી કી જય!***

# વિભૂતિ મંત્ર

પરમં પવિત્રં બાબા વિભૂતિમ્,
પરમં વિચિત્રં લીલા વિભૂતિમ્ |
પરમાર્થ ઇષ્ટાર્થ મોક્ષ પ્રદાનમ્,
બાબા વિભૂતિમ્ ઇદમ્ અશ્રયામિ ||

*(ભગવાન શ્રી સત્ય સાઈ બાબાની પરમ પવિત્ર, અદભુત ચમત્કારી,
મનોકામનાઓ પૂર્ણ કરનાર, આત્મોદ્ધારક અને મોક્ષ પ્રદાન
કરનારી વિભૂતિનો હું આશ્રય લઉં છું.)*

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

# ભગવન! હું આપની પાસે શું માંગુ?

હે સાઈનાથ પ્રભુ!
આપે એવું કંઈ પણ આપવાનું બાકી રાખ્યું નથી કે મારે આપની પાસે માંગવું પડે.

પરમ દૈવીકૃપાથી, અભિલાષાઓ અને અપેક્ષાઓથી પણ વિશેષ મને પ્રાપ્ત થયું છે.
મનન કરવા આપે મને મન આપ્યું છે. એ આપનો જ મહિમા છે!
દર્શન માટે દૃષ્ટિ અને શ્રવણ માટે કર્ણ આપ્યા છે. એ પણ આપનો જ મહિમા છે!

આ વિશાળ, વૈવિધ્યભર્યા વિશ્વમાં હું મારી જાતને અભિવ્યક્ત કરી શકું છું.
એ પણ આપનો જ મહિમા છે!

હું નિર્માણ કરી શકું છું, અને નાશ પણ કરી શકું છું. આ ક્ષમતા, એ પણ આપનો જ મહિમા છે!
નિત્ય હું આપને આ પ્રાર્થના કરી શકું છું.
આપના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની આ ક્ષમતા... એ પણ આપનો જ મહિમા છે!

આપની સમક્ષ માંગણી મૂકવા જેવું કશું જ નથી, કેમકે આપે બધું જ આપ્યું છે.
મારી અંદર અને બહાર આપની ઉપસ્થિતિની અનુભૂતિને હું ક્યારેય નહીં ચૂકું.
હું ઈચ્છું છું કે મને ક્યારેય તે અનુભૂતિની ઊણપ ન વર્તાય. પ્રભુ!
આપની દિવ્ય કૃપા મારા પર જાળવી રાખજો.

કોઈ વિશેષ પ્રાપ્તિ માટે નહીં, પરંતુ એટલા માટે કે જેથી હું આપનો મહિમા સમજી શકું!

મારી સિદ્ધિઓમાં, ક્ષમતામાં અને સામર્થ્યમાં, હું આપના મહિમાને જ નિહાળું!

## સાઈ રામ

**Copyright (English) 2002. Prasanthi Jyoti.**
**Translated into GUJARATI by Rajesh Pujara**
**Website: http://www.sathyasaikatha.com**
**Email: prasanthijyoti@gmail.com**



મારી તરફ એક ડગલું માંડો,

... અને હું તમારી તરફ

એક સો કદમ આગળ વધીશ.